# જાહેરાત

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,**
**કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

**(રજીસ્ટર્ડ થયેલી બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/જુના શિક્ષકની પસંદગી અંગેની જાહેરાત)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના **તા.૧૧/૦૨/૨૦૧૧ના** જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ તથા **તા.03/06/2013ના** જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસ.એ/૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:-જીએચ/ એસ.એચ/૭/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ,તા.૨૩/૦૨/૨૦૧૬ તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:-બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, **તા.૨૪/૦૨/૨૦૧૬** તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓ અન્વયે રાજયની **રજીસ્ટર્ડ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ)**માં શિક્ષણ સહાયક/જુના શિક્ષકની પસંદગી અંગેની જાહેરાત વર્ષ-૨૦૧૬ સંદર્ભે રજીસ્ટર્ડ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી દ્વારા મળેલી **નીચે મુજબ અંદાજિત ખાલી જગ્યાઓ** નીચે જણાવેલ વિગતે પસંદગીના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઇટમાં ઉલ્લેખ કરેલ સુચનાઓ મુજબ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવે છે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત**:

લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી **તા.૧૫/૦૪/૨૦૧૬ થી તા.30/૦૪/૨૦૧૬ના રોજ ૨૩.૫૯ કલાક** સુધી વેબસાઇટ **www.gserb.org** ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન (Online) કરવાની રહેશે.

અંદાજિત ખાલી જગ્યાની વિગત:

| ક્રમ | માધ્યમ | શિક્ષણ સહાયક | જુના શિક્ષક | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી માધ્યમ | ૧૯૦૪ | ૪૨૭ | ૨૩૩૧ |
| ૨ | અંગ્રેજી માધ્યમ | ૨૩ | ૦૧ | ૨૪ |

**બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની કુલ ખાલી જગ્યાઓની જાતિવાર વિગત દર્શાવતું પત્રક**

| માધ્યમ | કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી બિન અનામત | કુલ જગ્યા પૈકી સા.શૈ.પ.વ. | કુલ જગ્યા પૈકી અ.જા | કુલ જગ્યા પૈકી અ.જ.જા | કુલ જગ્યા પૈકી શા. ખોડ ખાપણ | બિન અનામત પૈકી મહિલાઓ માટે અનામત | સા.શૈ.પ.વ. પૈકી મહિલાઓ માટે અનામત | અ.જાતિ પૈકી મહિલાઓ માટે અનામત | અ.જ.જા. પૈકી મહિલાઓ માટે અનામત | શા.ખોડ ખાપણ પૈકી મહિલાઓ માટે અનામત | કુલ મહિલાઓ માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **શિક્ષણ સહાયક** | | | | | | | | | | | | |
| **ગુજરાતી** | ૧૯૦૪ | ૧૩૩૪ | ૩૯૪ | ૫૩ | ૧૧૭ | ૦૬ | ૩૨૭ | ૧૦૨ | ૨૧ | ૨૪ | ૦૧ | ૪૭૫ |
| **અંગ્રેજી** | ૨૩ | ૧૦ | ૦૭ | ૦૦ | ૦૬ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૫ |
| **કુલ** | ૧૯૨૭ | ૧૩૪૪ | ૪૦૧ | ૫૩ | ૧૨૩ | ૦૬ | ૩૨૯ | ૧૦૩ | ૨૧ | ૨૬ | ૦૧ | ૪૮૦ |
| **જુના શિક્ષક** | | | | | | | | | | | | |
| **ગુજરાતી** | ૪૨૭ | ૨૯૩ | ૯૪ | ૧૫ | ૨૪ | ૦૧ | ૭૫ | ૨૭ | ૦૪ | ૦૧ | ૦૦ | ૧૦૭ |
| **અંગ્રેજી** | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| **કુલ** | ૪૨૮ | ૨૯૪ | ૯૪ | ૧૫ | ૨૪ | ૦૧ | ૭૬ | ૨૭ | ૦૪ | ૦૧ | ૦૦ | ૧૦૮ |

ઉપરોકત નિયમોનુસાર ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર /કેટેગરી વાઇઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઇટ ઉપર રજુ કરેલ છે.

**પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી / આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઇ હક દાવો રહેશે નહી. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા ઉપર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી.**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૧નાં જાહેરનામાંથી લેવાયેલ TAT પરીક્ષા જે વર્ષ ૨૦૧૧ તથા ૨૦૧૨ માં લેવાયેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૪નાં જાહેરનામાથી વર્ષ ૨૦૧૪માં લેવાયેલ TAT પરીક્ષા માં ઉત્તીર્ણ થયેલ તમામ પાત્રતા ધરાવતા ઉમેદવારો પ્રસ્તુત ભરતી પ્રક્રિયામા અરજી કરી શકશે.**

**શિ.વિ.ના તા.૨૩/૨/૨૦૧૬નાં જાહેરનામા મુજબ એક થી વધારે વખત TAT પાસ કરેલ ઉમેદવારોએ પોતે પસંદ કરે તે એક જ માર્કશીટ રજુ કરવાની રહેશે. જે ધ્યાને લઇ તેઓનું નિયમોનુસાર ગુંણાકન કરવામાં આવશે. (એક થી વધુ વખત TAT પરીક્ષા આપેલ હોય તો Average માર્કસ ધ્યાને લેવાની જોગવાઇ રદ કરવામાં આવેલ છે.)**

ઉમેદવારોએ નિયત ફી વેબસાઇટમાં આપેલ સૂચનાઓ અનુસરીને **તા.૧૫/૦૪/૨૦૧૬ થી તા.30/૦૪/૨૦૧૬ના રોજ** ભરવાની રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ **www.gserb.org** વેબસાઇટ ઉપર તા.૧૫/૦૪/૨૦૧૬ના રોજ મુકવામાં આવશે.

**(ઇ.પી.દેસાઇ)**
**સભ્ય સચિવ**
**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉ.મા. શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિઅને**
**સંયુકત શિક્ષણ નિયામક(માધ્યમિક)**